# મોડાસામાં પાટીદારોનો લલકાર : અનામત નહી તો વોટ નહીં...

મોડાસા, તા.૧૯

સમગ્ર રાજયમાં પાટીદાર અનામત આંદોલનની આગ દાવાનળનું સ્વરુપ ધારણ કરી ચુકી છે. ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે એક મહારેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ રેલીમાં હજારોની સંખ્યામાં પાટીદાર ભાઈ-બહેનોએ ભાગ લઈ જીલ્લા કલેકટરને આવેદન પત્ર આપ્યુ હતુ. આ મહારેલીને મોડાસાના અન્ય સમાજોએ ટેકો આપતા આગામી દિવસોમાં અનામતની આંધીમાં અન્ય સમાજ જોડાય તેવા સંજોગો દેખાઈ રહયા છે.





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ઉત્તર ગુજરાતથી શરુ થયેલી પાટીદાર અનામતની માંગ સાથેની રેલીઓ મોટાભાગના તમામ તાલુકાઓમાં નીકળી ચુકી છે. આ રેલીમાં વ્યાપક પ્રમાણમાં ઉમટેલા પાટીદારોએ અનામત મુદ્દે સરકારની ઉંઘ હરામ કરી નાખી છે. ત્યારે અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસામાં પણ પાટીદાર મહારેલી સવારના સુમારે મેઘરજ રોડ પરના ઉમીયા ચોક નજીકથી નીકળી હતી. આ મહારેલીમાં જીલ્લાના તમામ તાલુકાઓમાંથી પાટીદાર ભાઈઓ-બહેનો અને વિદ્યાર્થીઓ હજારોની સંખ્યામાં જોડાયા હતા. હાથમાં વિવિધ પ્લેકાર્ડ સાથે ગગનભેદી સુત્રોચ્ચાર કરતા પાટીદારોએ પોતાની માંગને સંપુર્ણપણે વ્યાજબી ગણાવીને જયાં સુધી અનામતનો લાભ આપવામાં નહી આવે ત્યાં સુધી લડી લેવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો.

જીલ્લાના મુખ્ય મથક એવા મોડાસા ખાતેની આ મહારેલીને વિવિધ જ્ઞાતિજનોએ સમર્થન આપ્યુ હતુ. જેમાં ભાવસાર સમાજ, કડવા અને કચ્છ કડવા પાટીદાર પોતાના ધંધા - રોજગાર બંધ રાખી પાટીદાર અનામતની માંગને પોતાનો સંપુર્ણ ટેકો જાહેર કર્યો હતો. રેલીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઈ રહે તે માટે જીલ્લા પોલીસ વડાની રાહબરી હેઠળ પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

રેલી જીલ્લા કલેકટર કચેરીએ પહોંચી હતી. જયાં કલેકટર એસ. છાકછુઆકને પાટીદાર અગ્રણીઓએ આવેદનપત્ર આપી પાટીદાર અનામતની માંગનો અવાજ સરકાર સુધી પહોંચાડવા કલેકટર સમક્ષ માંગ કરી હતી.


## રેલીને પગલે પોલીસનો ચાંપતો બંદોબસ્ત

પાટીદારોની મોડાસા ખાતે યોજાયેલી રેલીમાં કોઈ અનીચ્છનીય બનાવ ન બને તે માટે જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડાની નીગરાની હેઠળ ૩ ડી.વાય.એસ.પી., ૪ પી.આઈ., ૧૦ પી.એસ.આઈ., ૧૫૯ પોલીસ જવાનો, ૧૯ મહિલા જવાનો તેમજ ૩૦ જેટલા બોર્ડર વીંગના જવાનોનો કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો. સમગ્ર રેલીમાં પોલીસે ખડેપગે ફરજ બજાવી હતી.



## પાટીદાર અનામત રેલીમાં મોડાસાના વેપારીઓએ સ્વયંભૂ બંધ પાળ્યો

મોડાસા શહેરમાં આજે નીકળેલી પાટીદાર અનામત રેલી પસાર થવાના માર્ગો પર રહેલા વેપારીઓએ અનામત રેલીના સમર્થનમાં સ્વયંભૂ બંધ પાડ્યો હતો. મોડાસા શહેરના મુખ્ય માર્ગો પરની દુકાનો બંધ રહેતા સવારે ૯ થી ૨ વાગ્યા સુધી શહેરમાં જાણે કરફ્યુ લાદયો હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. બપોરે ૨ પછી મોડાસા શહેરના મુખ્ય માર્ગો પર રહેલી દુકાનો અને શૉ-રૂમો ખૂલતાં મોડાસા શહેરનું જનજીવન પૂર્વરત બન્યું હતું.



## ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાયા



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

મોડાસા ખાતે યોજાયેલી રેલીમાં આજરોજ હજારોની સંખ્યામાં પાટીદાર ભાઈ-બહેનો અને બાળકો ઉમટી પડ્યા હતા. ત્યારે હજારોની સંખ્યામાં પાટીદારો ઉમટી પડવાને લઈને બસ સ્ટેશન આગળ અડધા કલાક માટે ટ્રાફિક જામ સર્જાયો હતો અને વાહન ચાલકો હેરાન-પરેશાન થઈ ગયા હતા.

## રેલી ટાણે પોલીસ જવાનો અને વાહનચાલકો વચ્ચે તું... તું... મૈ... મૈ...

મોડાસા ખાતે નીકળેલી રેલીમાં શહેરના મુખ્ય માર્ગો પર પોલીસ કાફલો ખડી દેવાયો હતો. રેલીનું પ્રસ્થાન થતાં બસ સ્ટેશન આજુબાજુના રસ્તાઓ પર પોલીસે વાહનચાલકોને રોકી દેતા પોલીસ જવાનો અને એક બાઈકચાલક વચ્ચે રકઝક થતાં લોકોના ટોળેટોળા થઈ ગયા હતા. કડિયાવાડા નાકે બાઈકચાલકની



(તસવીર : જય અમીન, મોડાસા)

ચાવી કાઢી લઈ બાઈક પોલીસ ચોકી લઈ ગયા હતા. પરંતુ બાઈકચાલકની પહોંચ ઉપર સુધી હોવાથી મોબાઈલ પર વાત કરાવતા પોલીસે બાઈક પાછું આપી દીધું હતું. જ્યારે બાઈકચાલક ઠાઠથી બાઈક લઈ રવાના થઈ ગયો હતો. પોલીસની આવી કામગીરીથી લોકોમાં રોષ જોવા મળ્યો હતો.

## અનામતની રેલીમાં ખિસ્સા કાતરુઓએ લોકોના ગજવા હળવા કર્યા

મોડાસા ખાતે પાટીદાર સમાજની અનામતની વિશાળ રેલી યોજાઈ હતી. જેમાં ૨૫૦૦૦થી વધુ પાટીદારો ઉમટી પડ્યા હતા. ભારે ભીડનો લાભ લઈને ખિસ્સા કાતરુઓએ પણ રેલીમાં હાથ અજમાવ્યો હતો. ખંભીસરના પટેલ ધીરજભાઈ પુંજાભાઈના ગજવામાં હાથ સરકાવી ખિસ્સાકાતરું ૧૦૦૦ રૂપિયા અને ડ્રાઈવિંગ લાયસન્સ ઉઠાવી ગયો હતો. જ્યારે પટેલ હસમુખભાઈ પશવાભાઈના ખિસ્સામાંથી ૫૦૦ રૂ. ઉઠાવી ગયો હતો તેમજ હફસાબાદના જિજ્ઞેશ પટેલનું પાકીટ પણ ભીડનો લાભ લઈને ખિસ્સાકાતરુઓ ઉઠાવી ગયા હતા.

## મોડાસામાં પચાસ હજારની ચીલઝડપ : લુટારુંઓ ફરાર

### એક બાજુ પોલીસ રેલીના બંદોબસ્તમાં અને બીજી બાજુ પોલીસનું વઢાયું

મોડાસા, તા.૧૯

મોડાસા શહેર એક બાજુ પાટીદરો દ્વારા અનામતની રેલી યોજવામાં આવી હતી. તેના બંદોબસ્તમાં સવારથી જ પોલીસ કાફલો મોડાસા શહેરમા ઉતારી દેવામાં આવ્યો હતો. ત્યારે બીજી બાજુ પોલીસનું નાક વઢાય તેવી ઘટના ઘટી હતી.

મોડાસા ચાર રસ્તા પોલીસ ચોકીની બાજુમાં આવેલ સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડીયામાંથી દેવલબેન નામની મહીલા પોતાના કામાર્થે પચાસ હજાર રુપીયા બૅન્કમાંથી ઉપાડીને જઈ રહી હતી ત્યારે માલપુર રોડ પર આવેલા સાંઈ મંદિરની આસપાસ પાછળથી આવેલા બે બાઈકસવારો મહિલાના હાથમાંથી પૈસાની થેલી ઝુંટવી લઈ લુંટારુંઓ ફરાર થઈ ગયા હતા.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક એવા મોડાસામાં અવાર નવાર બાઈક સવારો દ્વારા સોનના દોરાની ચીલઝડપ થવાના બનાવો બનતા જ રહે છે. મોડાસા શહેરમાં મોડાસા શહેરમાં જીલ્લા પોલીસ વડા સહિતની મુખ્ય કચેરીઓ અને મસમોટો પોલીસ સ્ટાફ હોવા છતાં ચીલઝડપ થવાના બનાવોમાં કોઈ જ સુધારો થયો નથી. ત્યારે આજ પ્રકારની મોડસ ઓપરેન્ડીનો વધુ એક બનાવ બહાર આવ્યો છે. મહિલાએ મોડાસા ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસે અજાણ્યા બાઈકસવારો વિરુધ્ધ ગુન્હો નોંધી નિયમનુસાર તપાસ હાથ ધરી છે.

# મોડાસામાં રખડતા ઢોરોનો આતંક યથાવત

## માર્કેટયાર્ડ આગળ ગાયે વેપારીને શિંગડે ચડાવતા બ્રેઈન હેમરેજ : અમદાવાદ સારવાર હેઠળ

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના મુખ્યમાર્ગો પર રખડતા પશુઓથી ટ્રાફિક સમસ્યા માથાના દુઃખાવા સમાન બની છે. મોડાસા શહેરમાં ૪૦ દિવસની અંદર ૬ જેટલા રહીશોને અડફેટે લીધા છે અને ગાયની અડફેટથી મોડાસાના આશાસ્પદ છાત્રનું મોત પણ નિપજ્યુંછે. સોમવારે સાંજના સમયે મોડાસાના એક વેપારીને ગાયે શિંગડે ચઢાવતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. માથાની અંદર લોહીનો સ્ત્રાવ થતાં અમદાવાદ ખસેડવા પડ્યા હતા. વેપારીની સ્થિતિ નિયંત્રણ હેઠળ છે.





મોડાસાના બસસ્ટેન્ડ પાછળ આવેલા માર્કેટયાર્ડ આગળ સોમવારે સાંજના સ્કૂટર લઈ પસાર થઈ રહેલા વેપારીને ગાયે સિંગડુ મારતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. મોડાસા શહેરના પોલીસમિત્ર, સામાજીક કાર્યકર અને ખૂબ જ જાણીતા એવા હાજીભાઈ આગવાન ઉર્ફે રાજુ કટકટ પસાર થઈ રહ્યા હતા ત્યારે બસસ્ટેન્ડ પાછળ મુખ્ય માર્ગ પર બેઠેલા ગાયોના ટોળામાંથી એક ગાય ભુરાટી થતા એક્ટીવા ચાલકને અડફેટે લેતાં વેપારી નીચે પટકાઈ ગયો હતો. શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા મોડાસા દવાખાને સારવાર આપી માથાના અંદરના ભાગે ઈજા ગંભીર જણાતા તાબડતોડ અમદાવાદ વી.એસ. હોસ્પિટલ ખસેડાયા હતા. ત્યાંના તબીબોએ વેપારીને માથાની અંદર લોહીનો સ્ત્રાવ થતાં લોહી એકઠુ થવાથી બ્રેઈન હેમરેજ થતાં તાત્કાલિક માથાના ભાગે ઓપરેશન કરી બચાવી લીધો હતો. રાજુ કટકટની તબીયત સ્થિર હોવાનું જાણવા મળ્યું હતું.

મોડાસા શહેરમાં રખડતી ગાયોને વાહનચાલકોને અડફેટે લેવાની અનેક ઘટનાઓ બની હોવા છતાં મોડાસા નગરપાલિકા તંત્ર ગાઢ નિંદ્રામાં પોઢી ગયું છે. થોડા સમય પહેલા એક દંપતિને ગાયના ટોળાએ અડફેટે લઈ ઈજાઓ પહોંચાડતા દંપતી દ્વારા જિલ્લા કલેક્ટરને લેખીત અરજી કરતા જિલ્લા કલેકટરે નગરપાલિકાતંત્રને રખડતા પશુઓને પકડી પાંજરાપોળ મોકલી આપવા આદેશ કરવા છતાં નગરપાલિકાતંત્ર દ્વારા ફક્ત એક દિવસ કામગીરી કરી જિલ્લા કલેકટરના આદેશને પણ ઘોળીને પી ગયા હોય તેવા દશ્યો શહેરના મુખ્યમાર્ગો પર જોવા મળે છે. નગરપાલિકા તંત્ર સંવેદનાહીન બની જતા તંત્રની લાપરવાહીથી પ્રજાજનોનો જીવ તાળવે ચોટ્યો છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

# ‘ભીખ નહીં હક આપો’ પાટીદારોનો પ્રાંતિજમાં હુંકાર

## દસ હજારથી પણ વધારે લોકો રેલીમાં જોડાયા : પાટીદાર એક્તા ઝીંદાબાદના નારા સાથે ત્રણ રસ્થાથી રેલી સ્વરૂપે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યુ

પ્રાંતિજ, તા. ૧૯

ગુજરાતભરમાં પાટીદારોનું અનામત આંદોલને વેગ પકડ્યું છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ વિસ્તારોમાં રહેતા પાટીદારો દ્વારા બુધવારના રોજ પાટીદાર સમાજ દ્વારા વિશાળ રેલી નિકળી હતી. જેમાં પાટીદાર સમાજના કન્વિનર જયારે ડી.જે.ના તાલ સાથે રેલી મહારેલીમાં ફેરવાઈ હતી અને વિવિધ સૂત્રોચ્ચાર સાથે માત્ર ઓ.બી.સી.માં સમાવવા માંગ સાથે

જયારે વદરાડ, પલ્લાચર, બાલીસણા, પોંગલુ, ધડકણ, મજરા સહિત પ્રાંતિજ તથા તાલુકામાંથી પાંચ હજારથી પણ વધારે પાટીદાર એસ.પી.-૧, ડીવાયએસપી - ૪, પીઆઈ-૪, પીએસાઈ-૩૦, પોલીસકર્મી ૩૦૦, મહિલા પોલીસ ૫૦ જયારે પ્રાંતિજ તથા



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



ખાતે પણ પાટીદાર સમાજ દ્વારા પોતાની માંગણીઓ સરકાર સુધી પહોંચાડવા પ્રાંતિજમાં વિશાળ રેલી યોજી પ્રાંતિજ - તલોદના પ્રાંત અધિકારી એ. આર. ચૌધરીને આવેદનપત્ર પાઠવ્યું હતું.

પ્રાંતિજ તથા તાલુકાના અનિલભાઈ પટેલ, જિજ્ઞેશભાઈ પટેલ, સંજયભાઈ પટેલ સહિત પટેલ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને અનામતની માંગ સાથે યુવાનો યુવતીઓની સાથે પાટીદાર સમાજના લોકો રેલીમાં ઉમટી પડ્યા હતાં. રેલી નેશનલ આઠ હાઈવે ત્રણ રસ્તા પરથી ભાંખરીયા બસ સ્ટેન્ડ થઈ રેલવે સ્ટેશન ઉપર આવેલ તાલુકા સેવાસદન પ્રાંત કચેરીએ પહોંચી હતી અને પ્રાંતિજ-તલોદના પ્રાંત અધિકારી શ્રી એ. આર. ચૌધરીને આવેદનપત્ર આપ્યું હતું.

સમાજના ભાઈ-બહેનો રેલીમાં ઉમટી પડ્યા હતા. જ્યારે રેલી દરમિયાન કાયદો અને વ્યવસ્થાને ધ્યાને લઈ જિલ્લા પોલીસ અધિક્ષક પ્રવિણ માલની રાહબરી હેઠળ જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જેમાં તાલુકામાંથી દસ હજારથી પણ વધુ પાટીદારો રેલીમાં જોડાયા હતા. જ્યારે મહિલાઓ પણ રેલીમાં જોડાતાં રેલી મહારેલીમાં ફેરવાઈ હતી. જ્યારે રેલી શાંતિ પૂર્ણ રીતે યોજાતાં તંત્રએ પણ હાશકારો લીધો હતો.

## ધાનેરાના હડતા ગામે વીજ વાયરને યુવક અડી જતા યુવકનું મોત

ધાનેરા, તા. ૧૯

ધાનેરા તાલુકાના હડતા ગામે ખેતરમાં મુકેલા ઝટકા મશીનના વાયરને યુવક અડી જતા યુવકનું ઘટનાસ્થળ પર મોત નીપજતા લોકોમાં અરેરાટી મચી જવા પામી હતી. તો બીજી તરફ ધાનેરા પોલીસે અકસ્માત ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ધાનેરા તાલુકાના હડતા ગામે એક ખેડૂતે પોતાના ખેતરમાં ઝટકા મશીન ગોઠવ્યું હતું અને તેના વાયર ખેતરની ચારે બાજુ મુકી દીધા હતા ત્યારે હડતા ગામે રહી મજુરી કરતા ગામના જ સેધાભાઈ રામજીભાઈ માજીરાણા ઉં.વ. ૩૫ જે આ ખેતર પાસેથી પસાર થઈ રહ્યા હતા તે સમયે ઝટકા મશીનના વાયર તેમને અડી જતા તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું.

# મહેસાણા ખાતે પાટીદાર સમાજ દ્વારા રેલી યોજાઈ

મહેસાણા, તા. ૧૯

આજે મહેસાણા ખાતે પાટીદાર સમાજ દ્વારા અનામતના મુદ્દે પરા વિસ્તારમાંથી બપોરના સમયે એક વિશાળ રેલી નીકળી હતી. શહેરના પરા વિસ્તારમાંથી નીકળેલ રેલી જીલ્લા કલેક્ટર કચેરીએ ગઈ હતી. જ્યાં રેલીમાં જોડાયેલ પાટીદાર સમાજના આગેવાનોએ આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં પાટીદાર સમાજના શિક્ષિત ભાઈ બહેનોને શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ તથા સરકારી નોકરીઓમાં અન્યાય અને નુકશાન થઈ રહેલ છે જેથી અનામતનો લાભ આપવા માંગણી કરી હતી.

આ રેલીમાં મહેસાણા શહેર સહિત તાલુકાભરમાંથી પાટીદાર સમાજના આગેવાનો, ભાઈ, બહેનો, યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, પાટીદાર સમાજને અનામતમાં સમાવેશ કરવાની માંગણીની આંધી મહેસાણા જિલ્લામાંથી ઉઠી હતી. જેની ચીનગારી રાજ્યભરમાં ફેલાતા સરકારની મુશ્કેલીમાં વધારો થયો છે.

## બનાસકાંઠામાં તહેવારો નિમિત્તે મીઠાઈ અને ફરસાણના ભાવોમાં ઘટાડો કરવા વેપારીઓની તૈયારી

બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે જનજીવનને થયેલ ભારે નુકશાનના કારણે આગામી જન્માષ્ટમી, શીતળાસાતમ જેવા તહેવારોમાં સામાન્ય લોકોને ગુણવત્તાની દૃષ્ટિએ સારી અને વાજબી ભાવે મીઠાઈ તથા ફરસાણ મળી રહે તેવા સરકારશ્રીના અભિગમની જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ વેપારીઓની બેઠક બોલાવી તેમને જાણકારી આપી હતી. તહેવારો નિમિત્તે હાલના ભાવોમાં સ્વેચ્છાએ ઘટાડો કરવાની બનાસકાંઠા જિલ્લાના વેપારીઓએ સ્વૈચ્છિક તૈયારી બતાવી છે જેનાથી મીઠાઈ અને ફરસાણના હાલના ભાવોમાં સરેરાશ ૧૦ થી ૧૨.૫૦ ટકા સુધીનો ઘટાડો કરવાની સંમતિ વેપારીઓએ દર્શાવી છે.